## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**મમ્મી. પર્યાવરણનો પ્રશ્ન સોલ્વ થઈ ગયો... મારા લગ્નની કંકોત્રી આંબો, સફરજન, પપૈયા... બધા જ ફ્રૂટનાં બીજ લગાડીને વેચવાની... મારો દિકરો વીસ વર્ષનો થાશે ત્યારે આખુ ગુજરાત આંબાવાડી થઈ જશે...!!**

# જીપીએસસીની પરીક્ષાના પરિણામમાં છબરડાનો આક્ષેપ

**સીએસપી-૧ અને સીએસપી-૨ની પરીક્ષામાં ભાષાતંરમાં ભૂલને કારણે અનેક ઉમેદવારો મેરિટ લિસ્ટની બહાર થયાં : ઉમેદવારોએ આવેદન પત્ર આપી ભૂલ સુધારવા માંગ કરી**

ગાંધીનગર તા.૨૭

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક ૩૦/૨૦૨૧૨૨ લેવામાં આવેલી સીએસપી-૧ અને સીએસપી-૨ની પરીક્ષાનું પરિણામ જાહેર થતાં તેમાં પણ છબરડાંના આક્ષેપ ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યાં છે. આ અંગે ઉમેદવારો દ્વારા આજે જીપીએસસીની કચેરી ખાતે ચેરમેનને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક ૩૦/૨૦૨૧૨૨ લેવામાં આવેલી સીએસપી-૧ અને સીએસપી-૨ પરીક્ષાઓનું તાજેતરમાં પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પ્રોવિઝનલ રિઝલ્ટ જાહેર થતાં જ કેટલાંક ઉમેદવારો દ્વારા તેમાં ગુજરાતી માધ્યમમાં ભાષાંતરમાં ભૂલના કારણે ૨૦ જેટલાં પ્રશ્નોમાં જે પ્રશ્નનો અંગ્રેજી માધ્યમમાં જવાબ સાચો છે તે જ જવાબ ગુજરાતી માધ્યમમાં ખોટો ઠેરવવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે જેના પગલે અનેક ઉમેદવારો મેરિટ લિસ્ટની બહાર થઈ જવા પામતાં તેમની મહેનત અને તેમનું કારકિર્દીનું સપનું રોળાઈ રહ્યુ છે. આ કારણે ઉમેદવારોએ આજે જીપીએસી ભવન ખાતે ચેરમેનને ઉદ્દેશીને આવેદન પત્ર આપીને આ પ્રશ્નોમાં રહેલી ભૂલો સુધારી પરિણામ સુધારવા માંગ કરી છે.




## ખૂણેખાંચરેથી

- આજે જિલ્લાના કલેક્ટરોની વર્ચ્યુલ કોન્ફરન્સ યોજાઈ હતી.
- જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમે સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદ પામેલ રૂપાલની મુલાકાત લીધી હતી.
- સખી વન સ્ટોપ સેન્ટરની હવે વર્ગ-૧ ના અધિકારીઓ નિયમિત મુલાકાત લેશે.
- મહિલા બાળ વિકાસ શાખાના કચેરી અધિક્ષક મીનાબેન પટેલ તાલુકા વિકાસ અધિકારી તરીકે ગ્રામ વિકાસ કમિશનરની કચેરીમાં આજે નવા હોદ્દા પર હાજર થયા છે.
- મહિલા-બાળ વિકાસ શાખામાં બદલી અને બઢતી પામેલાઓને વિદાય અને નવા કર્મયોગીઓના આવકાર માટે ગઈકાલે ચેરમેનશ્રીએ વિદાય-આવકાર સમારંભ યોજી શાખાના સૌ કર્મયોગીઓને જમાડ્યા હતા. આ સમારંભમાં સાચા અર્થમાં ગાયક કલાકાર વિજય સુવાળા અતિથિ બની હાજર રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં કેટલાકના રિપોર્ટ એન્ટીજન ટેસ્ટમાં પોઝીટીવ આવ્યા અને આર.ટી.પી.સી.આર. રિપોર્ટ નેગેટીવ આવતાં નગરજનોમાં દ્વિધા ઉભી થવા પામી છે.
- ગાંધીનગર શહેરના સેક્ટરોમાં વેક્સિનેશન અભિયાન તેમજ કોરોનાના વધતા જતા સંક્રમણને લઈ સાવચેત સતર્ક રહેવા અપીલ કરતી રિક્ષાઓ ફરી રહી છે.
- સ્માર્ટ સીટી અંગે આજે એક વિડીયો કોન્ફરન્સ ભારત સરકાર દ્વારા યોજાઈ હતી.
- પૂર્વ કાઉન્સીલર અશ્વિન વ્યાસના માતુશ્રી અને બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ કે.બી. વ્યાસના ધર્મપત્ની મધુબેનનું આજે સવારે ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર-શહેર જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાઈ રહ્ય છે.

# સિવિલમાં ઓકિસજનના બાટલાની ખરીદી ઓછી થતા રૂ.૭ લાખની બચત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જુની બિલ્ડીંગમાં પીએસએ પ્લાન્ટ કાર્યરત થવાથી હોસ્પિટલમાં ઓકિસજન સિલિન્ડરની ખરીદી બિલકુલ નહીવત થઈ ગઈ છે. એક સમયે હોસ્પિટલમાં જુની બિલ્ડીંગમાં રોજના ૧૦૦ થી ૧૨૦ ઓકિસજન સિલિન્ડરનો વપરાશ થતો હતો. ત્યારે પીએસએ પ્લાન્ટ કાર્યરત થઈ જતા ઓકિસજન સિલિન્ડરની ખરીદી ઓછી થતા હોસ્પિટલને અંદાજીત રૂ.૭ લાખની બચત થવા પામી છે.

રાજયભર સહિત પાટનગરની હોસ્પિટલમાં પણ કોરોનાની બીજી લ્હેરમાં ઓકિસજનની અછત વર્તાઈ હતી. ઓકિસજન માટે નાગરીકો દોડાદોડી કરી રહ્યા હતા. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ તમામ બેડ કોવીડ દર્દીઓથી ભરાઈ ગયા હતા. કોવીડની બીજી લ્હેર બાદ તાત્કાલીક ધોરણે તંત્ર દ્વારા સિવિલની ઓપીડી બિલ્ડીંગ બાજુમાં પીએસએ ઓકિસજન પ્લાન્ટ કાર્યરત કરી દેવાયો હતો. સિવિલમાં પહેલા ૧૦૦ થી ૧૨૦ ઓકિસજન સિલિન્ડરનો વપરાશ થતો હતો. સિવિલમાં એક માસમાં ૨૫૦૦ થી ૨૭૦૦ જેટલા ઓકિસજન સિલિન્ડરની ખરીદી કરવામાં આવતી હતી. જેનો ખર્ચ મહિને લાખો રૂપીયામાં થતો હતો. ઓકિસજન સિલિન્ડરમાંથી તાત્કાલીક વિભાગ, પીઆઈસીયુ, પીએનસી વોર્ડ, લેબરવોર્ડ, એનઆઈસીયુ સહિતના વિભાગમાં સપ્લાય થતો હતો. ત્યારે ઓપીડીની બાજુમાં પીએસએ પ્લાન્ટ કાર્યરત થઈ જતા સિવિલ તંત્રને ઓકિસજન સિલિન્ડરની ખરીદી કરવી પડતી નથી. રોજના ૧૦૦ થી ૧૨૦ સિલિન્ડરની ખરીદી બંધ થઈ જતા સિવિલ તંત્રને મહિને અંદાજીત રૂ.૭ લાખ જેટલી બચત થવા પામી છે.

# ફિરોજપુર ગામે ટ્રાન્સફર્મરના રેડીયેટરમાંથી ૬૦ લીટર ઓઈલની ચોરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના પિરોઝપુર ગામની સર્વે નં.૩૬૧વાળી પ્રહલાદભાઈ રામભાઈ પટેલની જમીન પર લવારપુર ફીડરની વિજકનેકશનવાળી ડીપીના ટ્રાન્સફર્મરના રેડીયેટર પર કોઈ શખ્સે ધારદાર હથીયાર વડે કાપો મારી ટ્રાન્સફોર્મરની અંદર રહેલુ રૂ.૪૨૦૦ ની કિંતમનું ૬૦ લીટર ઓઈલની ચોરી કરી લઈ ગયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧ સી પ્લોટ નં.૪૯૦ બી ખાતે રહેતા ધનરાજભાઈ રામસીંગભાઈ બામણીયા પરિવાર સાથે રહે છે અને મોટા ચિલોડા ઉતર ગુજરાત વિજ કંપની લિ. (જીઈબી) ખાતે નાયબ ઈજનેર તરીકે છેલ્લા એક વર્ષથી ફરજ બજાવે છે.તેઓના કાર્યક્ષેત્રમાં તાલુકાના ૨૫ ગામડાઓ આવે છે. ત્યારે ગત તા.૨૫ ના રોજ સવારના સમયે લવારપુર ગામના વાયરમેન બિપિનભાઈ પટેલનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતુ કે લવારપુર ગામના ખેડુત પ્રહલાદભાઈ રામાભાઈ પટેલની પિરોજપુર ગામના સર્વેનં.૩૬૧ ખાતે ફિડરની ખેતીવાડી માટે આપેલા વિજ કનેકશનવાળી ડીપીમાંથી પાવર મળતો ન હતો. તેની જાણ કરતા સ્થળ પર જઈ તપાસ કરતા ટ્રાન્સફર્મર બળી ગયુ હતું. તે ટ્રાન્સફર્મરમાંથી ઓઈલ ચોરી થયાની વાત જાણવા મળતા કર્મચારીઓએ સ્થળ પર જઈ તપાસ કરતા ટ્રાન્સફર્મર રેડીયેટર ઉપર ધારદાર સાધન વડે કાપો મારી ચોર શખ્સો ટ્રાન્સફર્મરની અંદર રહેલુ આશરે ૬૦ લીટર ઓઈલ કાઢી લઈ ગયા હતા.બનાવ અંગે વિભાગીય ઓફિસ ખાતે જાણ કરી તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## નેહરુ યુવા કેન્દ્રનો કલીન વિલેજ-ગ્રીન વિલેજ કાર્યક્રમ

ગાંધીનગરના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી તેમજ કલીન વિલેજ-ગ્રીન વિલેજ કાર્યક્રમનું આયોજન સેક્ટર-૧૬માં અંધજન મંડળ શાળાના કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતુ જેમાં કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી રાષ્ટ્રીય કાર્યક્રમ કલીન વિલેજ ગ્રીન વિલેજની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અંધજન મંડળના મંત્રી જયંતીભાઈ તેમજ અન્ય ટ્રસ્ટી ગણ તેમજ વિર કમાન્ડ ધર્મેન્દ્ર શર્મા હાજર રહ્યા હતા તેમજ નહેરુ યુવા કેન્દ્રના પ્રતિનિધિત્વ તરીકે મંથન શાહ, ધિરેન પટેલ, નિખિલ જાદવ તેમજ પુર્વ યુવા કાર્યકર હાર્દિક મોચી હાજર રહ્યા હતા.

## બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર ખાતે પ્રજાસત્તાક દિવસ ઉજવાયો

ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર હેડક્વાર્ટર ખાતે તેમજ બોર્ડર પર તા.૨૬મી જાન્યુઆરીના રોજ ધામધૂમ અને ઉત્સાહ સાથે ૭૩મો પ્રજાસત્તાક દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બીએસએફના આઈજી જી એસ મલિકે અધિકારીઓ અને અન્ય રેક્ની હાજરીમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, “બીએસએફ ગુજરાત ફ્રન્ટિયર ગુજરાત રાજયની ૮૨૬કિમી લાંબી ભારત-પાક સરહદે તૈનાત છે અને રાજસ્થાનના બાડમેર જિલ્લો હંમેશા સતર્ક અને સતર્ક સીમાકર્મીઓ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સરહદોની પવિત્રતા અને સુરક્ષા જાળવવા માટે તેઓ કટિબદ્ધ છે. કોવિડ-૧૯ સામેની લડાઈમાં બીએસએફ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

## ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી નિમિતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલના આરએમઓ. ડો. સુધાબેન, ડો.કલ્પેશ જશપરા, ડો.શિલ્પાબેન ભટ્ટ, સહિત ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, સિવિલના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દારૂના નશામાં ડ્રાઈવરે જીપ હંકારી ઘ માર્ગની રેલીંગ તોડી

ગાંધીનગર, તા.૨૮

રાજયભરમાં કાયદો અને વ્યવસ્થાના આદેશો જ્યાંથી છુટે છે તે પાટનગરમાં જ દારૂબંધીના ધજાગરા ખાખી વર્દીએ ઉડાવ્યા હતા. સરકારી જીપ ઘ-૨ થી ઘ-૩ તરફ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ડીવાઈડરની રેલીંગ તોડી ગાડી સામે માર્ગ પર પહોંચી ગઈ હતી. આ ઘટના નજરે નિહાળનાર નાગરીકો અને વાહનચાલકોમાં ડર જોવા મળ્યો હતો. જો કે અકસ્માત સર્જનાર ડ્રાઈવર દારૂના નશામાં અને જીપમાં દારૂની બોટલ હોવાનું પણ પ્રત્યક્ષદર્શીઓ કહી રહ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના મુખ્ય ઘ માર્ગ પર ગઈકાલે મોડી સાંજે ૬-૭ તરફથી આવી રહેલી સરકારી જીપના ચાલકે અચાનક કાબુ ગુમાવી બેસતા ગાડી ડિવાઈડરની બાજુમાં રહેલી રેલીંગ તોડી ૧૦૦ ફુટ જેટલુ સેન્ટ્રલ વર્જમાં કાર હંકારી સામે માર્ગ પર જઈ ઉભી રહી હતી. જો કે રાત્રીના સમયે અચાનક સરકારી વાહનનો ચાલક આ પ્રકારે ગાડી હંકારતા નગરજનો પણ અચંબામાં પડી ગયા હતા. અકસ્માતને પગલે વાહનચાલકો અને સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે જીપનો ચાલક નશામાં ધુત હતો. જયારે અકસ્માતને પગલે વાહનનો ખડકલો થઈ જતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. જયારે બાઈક પર આવેલા બે શખ્સો પૈકી એક શખ્સ ઈજાગ્રસ્ત ડ્રાઈવરને રીક્ષામાં તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ ગયા હતા. પોલીસે માર્ગ પર જામ થયેલ ટ્રાફિક દુર કરાવ્યો હતો. જયારે પ્રત્યક્ષદર્શીઓ કહ્યું હતું કે જીપ ચાલક ચિક્કાર દારૂ પીધેલો હતો અને ગાડીમાં દારૂની બોટલો પણ હતી. બાઈક લઈને આવેલા બે શખ્સો પૈકી એક શખ્સ દારૂની બોટલ ગાડીમાંથી લઈ નીકળી ગયા હતા.





**સે.૨૯માં વંદે માતરમ્ પાર્ક-૨ ખાતે પ્રજાસત્તાક દિન ઉજવાયો**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરના સેક્ટર-૨૯માં વંદે માતરમ્ પાર્ક-૨ ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વસાહતીઓએ સાથે મળીને ભારતમાતાના પૂજનનો કાર્યક્રમ પણ યોજ્યો હતો જેમાં બાળકો અને યુવાનોથી માંડીને સૌ કોઈએ ઉત્સહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના સમાપને સૌનું મ્હોં મીઠું કરાવવા સાથે અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# પેથાપુરના સ્મિત પટેલે ૭૮૭૪ ફૂટ ઊંચાઈ ખુલ્લા પગે સર કરી

**અતિભારે સ્નોફોલમાં મહાદેવના મંદિર સુધી ટ્રેકીંગ એ પણ ખુલ્લા પગે**

ગાંધીનગર, તા. ૨૮

પેથાપુરમાં રહેતા સ્મિત પટેલે હિમાચલપ્રદેશમાં કુલ્લુમાં સ્થાપિત બિજલી મહાદેવનો ૭૮૭૪ ફૂટ ઊંચાઈનો ટ્રેક અતિભારે સ્નો ફોલમાં ખુલ્લા પગે સર કર્યો હતો. ૨૦ વર્ષનો સ્મિત પટેલ જે થ્રિલબ્લેઝર કંપની દ્વારા ટ્રેકિંગ કરાવે છે. હિમાચલપ્રદેશના કુલ્લુમાં ખુલ્લા પગે ખૂબ ઊંચાઈ સુધી ટ્રેકીંગ કરી હતી. હિમાચલપ્રદેશના કુલ્લુમાં એક રહસ્યમય શિવ મંદિર આવેલુ છે. જેનું રહસ્ય આજ સુધી ઉકેલાયું નથી. ઊંચી ટેકરીઓ પર સ્થિત આ મંદિરમાં પાર્વતી અને વ્યાસ, નંદીનો સંગમ પણ છે. આ મંદિર પર દર ૧૨ વર્ષે આકાશી વીજળી પડે છે. પરંતુ તેનાથી મંદિરને કોઈ જ પ્રકારનું નુકશાન થતું નથી. દંતકથા મુજબ ત્યાંની વિશાળ ખીણ એક સાપના રૂપમાં છે જેને મહાદેવે માર્યો હતો. એવું કહેવાય છે કે દર ૧૨ વર્ષમાં ભગવાન ઈન્દ્ર ભોલેનાથના આદેશ પર વીજળી ફેંકે છે. વીજળી પડવાથી મંદિરનું શિવલિંગ બરબાદ થઈ જાય છે પરંતુ ત્યારબાદ મંદિરના પૂજારીઓ ખંડિત શિવલિંગ પર મલમ તરીકે માખણ લગાવે છે જેથી મહાદેવને પીડામાંથી રાહત મળે છે. ભગવાન શિવે કુલાંતને માર્યા પછી ઈન્દ્રને દર ૧૨ વર્ષે ત્યાં વીજળી પાડવાનું કહ્યુ. આવું કરવા માટે ભગવાન શિવે કહ્યુ હતુ જેથી જનતા અને સંપત્તિનું નુકસાન ન થાય. ભગવાન પોતે વીજળીના આંચકા સહન કરીને પોતાના ભક્તોનું રક્ષણ કરે છે.

પ્રિલબ્લેઝર કંપની દ્વારા ટ્રેકિંગ કરાવતા સ્મિત પટેલે ૭૮૭૪ ફૂટ ઊંચાઈનો ટ્રેક ૨ કલાક જેટલા સમયમાં અતિભારે સ્નો ફોલમાં ખુલ્લા પગે સર કર્યો હતો.



# જમીયતપુરા પાસે અજાણ્યા વાહનની અડફેટે યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

જમીયતપુરા નર્મદા કેનાલ બ્રીજથી કન્ટેનર ડેપો જતા માર્ગ પર ગતરાત્રીના સમયે હીટ એન્ડ રનની ઘટના બની છે. અજાણ્યા વાહનની ટક્કરે આશરે ૩૦ થી ૩૫ વર્ષના યુવાનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ તેનુ મૃત્યુ થયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ખોરજ ગામે મલિક વાસ ખાતે રહેતો સબ્બીરખાન દિલાવરખાન પઠાણ (ઉં.૩૩) પરિવાર સાથે રહે છે અને મજુરી કામ કરીને ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૨૭ ના રોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં સબ્બીરખાન જમીયતપુરા ગામમાં ગયો હતો અને કામ પૂર્ણ કરીને ખોરજ ગામે જવા માટે નીકળ્યો હતો. ત્યારે રાત્રીના સમયે જમીયતપુરા નર્મદા બ્રીજથી કન્ટેનર ડેપો જતા માર્ગ પર ટોળુ એકઠુ થયુ હતું. ત્યાં જઈને જોયુ તો જાણવા મળ્યુ હતુ કે અજાણ્યા વાહન ચાલકે યુવકને ટક્કર મારી છે અને તેનું મૃત્યુ નિપજયુ છે. અજાણ્યા યુવકને જોતા શરીરે ધુળધુળ હતો. તેને માથાના તેમજ પેટના ભાગે અને શરીરે અકસ્માતથી ઈજાઓ પહોંચી હતી. યુવકે વાદળી કલરનો શર્ટ તેમજ નીચે આસમાની કલરનું બ્લ્યુ પેન્ટ પહેરેલ છે.જયારે બનાવની જાણ થતા અડાલજ પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી આવ્યો હતો અને મૃતદેહને પીએમઅર્થે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.

## જયપ્રકાશ વિદ્યાલયના ટ્રસ્ટીનું ઘર પાસેથી બાઈક ચોરાયું

શહેરના સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટીના મકાન પાસે પાર્ક કરેલ બજાજ પલ્સર બાઈકની ચોરી થતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે રૂ.૯૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મુળ દહેગામ ધારીસણા ગામના વતની અને હાલ સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટી પ્લોટ નં.૧૦૬૨ ખાતે રહેતા ૪૧ વર્ષિય નિલેશ મફતભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને સેકટર-૨૬ કિસાનનગર રેલ્વે ફાટકની બાજુમાં આવેલી જયપ્રકાશ વિદ્યાલયના ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. નિલેશભાઈ પોતાના ઉપયોગ માટે જી.જે.૧૮.ડી.એલ.૮૮૨૩ નંબરનુ બજાજ પલ્સર બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૨૬ ના રોજ રાત્રીના આઠ વાગે પલ્સર બાઈક ઘરની બહારના ભાગે પાર્ક કર્યું હતું.ત્યારબાદ જમી પરવારી રાત્રીના આશરે નવ વાગે ઘરની બહાર નીકળ્યા હતા. તે સમયે બાઈક પાર્ક કરેલી જગ્યા પર હતું.

# ગાંધીનગર કાનૂની સત્તામંડળ દ્વારા ૧૨મી માર્ચે લોક અદાલત યોજાશે

જિલ્લા કાનૂની સત્તામંડળ દ્વારા આગામી ૧૨ માર્ચે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વીજળી, અકસ્માત વળતર, લગ્નવિષયક, રેવન્યુ, લેબર, બેન્કને લગતા વગેરે કેસોના સમાધાન થશે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, નવી દિલ્હી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના આદેશ અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા ૧૨મી માર્ચના રોજ જિલ્લાકક્ષાએ તેમજ તાલુકાકક્ષાની તમામ અદાલતોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં સમાધાન પાત્ર તમામ દિવાની તથા ફોજદારી કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ના કેસ, બેન્કના લેણાના દાવા, લેબરને લગતા કેસ, ઈલેક્ટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ, લગ્ન વિષયક કેસ (છૂટાછેડા સિવાયના), જમીન સંપાદનના કેસ, પે, અલાઉન્સીસ અને રીટાયરલ બેનીફીટ્સને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ, અન્ય સીવીલ કેસ વગેરે સમાધાન માટે રાખવામાં આવશે. જે પક્ષકારોને કોર્ટમાં ઉપરોક્ત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જણાવ્યું હતું. તથા વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાયમંદિર, સેક્ટર-૧૧નો સંપર્ક કરવો તેમજ સંપૂર્ણ લોક અદાલતમાં સરકારની કોવીડ-૧૯ અન્વયે પ્રસિદ્ધ કરેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવું.